ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આજથી ચૂંટણી પ્રચારના પડઘમ શાંત

## કોંગ્રેસ દ્વારા આજે વિરાટ પ્રચાર રેલી

ગાંધીનગર, તા. ૧૪

વિધાનસભાના બીજા તબક્કાની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થાય તે પહેલા જ કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષોએ તેમની પ્રચાર ઝુંબેશ તેજ બનાવી છે. આવતીકાલે પ્રચારનો છેલ્લો દિવસ હોવાથી કોંગ્રેસ પાર્ટી દ્વારા ગાંધીનગરમાં વિશાળ પ્રચાર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. સેક્ટર-૧ના ગાયત્રી મંદિર ખાતેથી રેલીનો પ્રારંભ થશે.

વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનો પ્રચાર ચરમસીમાએ છે. પ્રચાપ પડઘમ શાંત થવાને હવે માત્ર એક જ દિવસનો સમય બાકી રહ્યો છે ત્યારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ પ્રચાર ઝુંબેશ તેજ બનાવી છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા ગાંધીનગર ઉત્તર વિધાનસભાની પ્રચાર રેલીનો ભવ્ય કાર્યક્રમ આવતીકાલે યોજવામાં આવ્યો છે. સવારે ૮ વાગે ગાયત્રી મંદિરથી રેલીનો પ્રારંભ થશે. તે પછી સેક્ટર-૨ સ્વામીનારાયણ મંદિરથી તમામ નવા સેક્ટરોમાં રેલી ફરશે. સેક્ટર-૧૬ સ્થિત કોંગ્રેસ કાર્યાલયથી આ પ્રચાર રેલી જુના સેક્ટરોમાં પ્રવેશ કરશે. અને સેક્ટરોના મુખ્ય માર્ગ પર રેલી ફરશે. સાંજે ૫ વાગે પ્રચાર પડઘમ શાંત થાય ત્યાં સુધી આ રેલી જુદા જુદા સેક્ટરોમાંથી પસાર થઈ મતદારોને કોંગ્રેસને મત આપવા અપીલ કરશે.

## પ્રથમ તબક્કામાં ખૂબ ઊંચું મતદાન થયું હોવાથી પક્ષોમાં ઉત્તેજના

અમદાવાદ, તા. ૧૪

ગુજરાત વિધાનસભાની દ્વિતીય તબક્કાની ૯૫ બેઠકો માટે તા. ૧૭મી ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીના પ્રચાર પડઘમ આવતીકાલે શનિવારે સાંજે પાંચ વાગે શાંત થશે. પ્રથમ તબક્કાની સૌરાષ્ટ્ર અને દ. ગુજરાતની ૮૭ બેઠકો માટે ગઈકાલે ૧૩મીના રોજ યોજાયેલી ચૂંટણીમાં મતદારોએ અભૂતપૂર્વ ઉત્સાહ દાખવી ૭૦.૭૫ ટકા જેટલું જંગી મતદાન કર્યું હોવાથી બીજા તબક્કાની ચૂંટણી પણ ભારે ઉત્તેજનાપૂર્ણ માહોલ વચ્ચે અને મતદારોના અદમ્ય ઉત્સાહ સાથે યોજાશે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે. આ ચૂંટણીમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા કોંગ્રેસના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલા સહિત ૧૬ પ્રધાનોના ભાવિ પણ ઈવીએમમાં સીલ થશે. રાજ્યના કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, (૧૭ બેઠકો) આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ અને વડોદરા જેવા ૧૨ જિલ્લાઓની ૯૫ બેઠકો માટે ૧૭મીએ કુલ ૨૩૨૩૫ મતદાન મથકો ઉપર એકંદરે ૨ કરોડ ૯૯ હજાર ૫૦૧ મતદારો મતદાન કરશે. આ પૈકી આશરે ૧૧૪૨૪ મતદાન



મથકો ગ્રામ્ય વિસ્તારના છે. જ્યારે ૨૭૫૧ મતદાન મથકો શહેરી વિસ્તારમાં છે.

દ્વિતીય તબક્કાની ચૂંટણીમાં મુખ્યત્વે ગોધરા તેમજ અમદાવાદ શહેર વગેરે સ્થળોના અનેક મતદાન મથકોને ચૂંટણી પંચે સંવેદનશીલ તારવ્યા હોવાથી દ્વિતીય તબક્કાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સમ્પન્ન થાય તે માટે જડબેસલાક બંદોબસ્ત ગોઠવી દીધો છે. ગોધરાની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને ચૂંટણીપંચે આજે ચૂંટણીનું સુપરવિઝન રાજકોટ રેન્જના આઈ જી પ્રવિણસિંહાને સુપર કર્યું હોવાનું પણ જાણવા મળ્યું છે. પ્રથમ તબક્કાની ચૂંટણીમાં થયેલા ઐતિહાસિક મતદાનને ધ્યાનમાં રાખીને બીજા તબક્કાની ચૂંટણીમાં પણ ખૂબ જ ઊંચુ મતદાન થાય તે માટે મુખ્યત્વે ભાજપ તથા કોંગ્રેસ પક્ષે છેલ્લી ઘડી સુધીનું જોર લગાવી દીધું છે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ સોનિયા ગાંધીની આજે કલોલમાં યોજાયેલ જાહેરસભા બાદ કોંગ્રેસના મહામંત્રી રાહુલ ગાંધી પ્રચારના અંતિમ દિવસે આવતીકાલે શનિવારે ભૂજમાં જાહેરસભા સંબોધશે જ્યારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ પાંચ પાંચ જાહેરસભાઓને સંબોધન કરશે. અમદાવાદ શહેરની ૧૭ બેઠકોનો પણ આ દ્વિતીય તબક્કાની ચૂંટણીમાં સમાવેશ થતો હોવાથી રાજકીય પક્ષોના કાર્યકરોમાં જબરજસ્ત ઉત્તેજના છવાયેલી જોવા મળી રહી છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપરાંત રાજ્યના મહેસુલ મંત્રી આનંદીબેન પટેલ, ભૂતપૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહ, રાજ્યકક્ષાના કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજા વગેરે અમદાવાદ શહેરની જુદી જુદી બેઠકો પરથી ચૂંટણી લડી રહ્યા હોવાથી ચૂંટણી પ્રચારના અંતિમ તબક્કામાં ભારે રાજકીય ધમધમાટ જોવા મળી રહ્યો છે.

## આજે ભાજપ દ્વારા સેક્ટરોમાં વાહન રેલી

### તારક મહેતા કા ઉલટા ચશ્મા સિરીયલના કલાકારો પ્રચાર રેલીમાં આકર્ષણ જમાવશે : સવારે ૮.૩૦ વાગે અક્ષરધામ પાસેથી રેલીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી રાજકીયપક્ષો દ્વારા આખરી તબક્કામાં પ્રચાર ઝુંબેશ તેજ બનાવી દેવાઈ છે. ગાંધીનગર ઉત્તરની બેઠકને અનુલક્ષીને પણ ભાજપ દ્વારા આજે સવારે સેક્ટરોમાં વાહન રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ભાજપની આ ચૂંટણી પ્રચાર રેલીમાં તારક મહેતા કા ઉલટા ચશ્માની ટીમના કલાકારો પણ આકર્ષણ જમાવશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં બીજા તબક્કાના મતદાનના આડે માત્ર બે દિવસ બાકી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસે સેક્ટરની ગલીયોથી લઈ ગામડાઓમાં મતદારોને પોતાની તરફ કરવા પ્રચાર ઝુંબેશ તિવ્ર બનાવી દેવાઈ છે. બન્ને પક્ષો દ્વારા વિવિધ ઠેકાણે જાહેર સભા યોજવાનો દોર હાથ ધરાયા બાદ ઉમેદવારો સેક્ટરની ગલીયો અને ગામડાઓમાં ચૂંટણી પ્રચાર તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુંછે. પ્રચારના આખરી દિવસે શનિવારે ભાજપ દ્વારા શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર

## બ્રહ્મસમાજને કોઈ પક્ષ કે વ્યક્તિ સાથે મતભેદ - વિચારભેદ નથી

ગાંધીનગર, તા.૧૪

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરની કારોબારી સમિતિની બેઠક શુક્રવારે સાંજે બ્રહ્મભવન ખાતે યોજાઈ હતી. બેઠકમાં શુક્રવારના એક અખબારમાં બ્રહ્મસમાજના નામે છપાયેલ જાહેરાતનો રદિયો આપવાનું નક્કી કરાયું હતું. બ્રહ્મસમાજના નામે કોઈએ રાજકીય વાત કરવી નહિ. બ્રહ્મસમાજ સામાજીક સંસ્થા છે અને રાજકારણથી પર છે. કોઈ વ્યક્તિ કે પક્ષ સાથે બ્રહ્મસમાજને કોઈ મતભેદ કે વિચારભેદ નથી. સમસ્ત બ્રહ્મસમાજને પરશુરામ ફાઉન્ડેશન સાથે પણ કોઈ સંબંધ નથી આથી બ્રહ્મસમાજ તમામ બ્રાહ્મણ પરિવારોને ભ્રામક પ્રચારથી નહિ દોરાવાની અપીલ કરે છે એમ સમાજના પ્રમુખ પિનાકીન રાવલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

આ બેઠકમાં બ્રહ્મભવનના વિકાસની અને સમાજના સંગઠનના વિવિધ મુદ્દાઓ પર પણ ચર્ચા કરાઈ હતી. બ્રહ્મસમાજ હંમેશા સમાજીક વિકાસની સાથે સાથે સમાજના તેજસ્વી તારલાઓને પણ બિરદાવે છે.

## ઉમેદવારો સમક્ષ દસ મુદ્દાનો પ્રજાલક્ષી ઢંઢેરો રજૂ કરાયો

### શહેર-જિલ્લાની સ્થાનિક સમસ્યાઓ નિવારવા ઉમેદવારોએ ખાતરી આપી

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણી સંદર્ભે યોજાયેલા ઉમેદવારોને ઓળખો કાર્યક્રમ અન્વયે નગરનાં અગ્રણીઓ દ્વારા મતદારો વતી વિવિધ દસ મુદ્દાનો પ્રજાકિય ઢંઢેરો ઉમેદવારો સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો. શિક્ષણ, આરોગ્ય, પાણી અને ગટર વ્યવસ્થા જેવી પાયાની સુવિધાઓ સહિતના મુદ્દાઓ આ ઢંઢેરામાં રજુ કરાયા હતા. આ તબક્કે ઉમેદવારોએ પણ મતદારોની મુંઝવણ ઉકેલવા ખાતરી આપી હતી.

વિધાનસભા ચૂંટણીને અનુલક્ષી ગાંધીનગરમાં શહેર વસાહત મહામંડળ દ્વારા આપણા ઉમેદવારને ઓળખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બીન રાજકીય અને જન જાગૃતિલક્ષી આ કાર્યક્રમ દરમ્યાન ઉમેદવારોને સ્થાનિક પ્રશ્નોથી માહિતગાર કરવા અને તેનો ઉકેલ લાવવા પ્રયાસ કરાયો હતો. ગાંધીનગર ઉત્તર અને દક્ષિણ વિધાનસભા બેઠકોના રાજકીય પક્ષોના તેમજ અપક્ષ ઉમેદવારોએ શહેર જિલ્લાની સ્થાનિક સમસ્યાઓ તેમજ અન્ય પ્રજાલક્ષી મહત્વના મુદ્દાઓલક્ષી ચૂંટણી ઢંઢેરા વિશે સમજ આપી સમસ્યાને નિરાકરણ લાવવાની ખાતરી ઉચ્ચારી હતી. જ્યારે આ દરમ્યાન કાર્યક્રમના આયોજકો દ્વારા મતદારોવતી દસ મુદ્દાઓનો પ્રજાકિય ઢંઢેરો ઉમેદવારો સમક્ષ રજુ કરાયો હતો. જેમાં શિક્ષણ, આરોગ્ય પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા સહિતની પ્રાથમિક સુવિધાઓના મુદ્દાઓ રજુ કરાયા હતા. ઉમેદવારોએ પણ તેના અમલ માટેની ખાતરી આપી હતી.

## જિલ્લામાં ચૂંટણી કામગીરી માટે તાત્કાલિક ૫૦ વાહનો સંપાદિત કરવા આદેશ

ગાંધીનગર, તા. ૧૪

જિલ્લામાં ચૂંટણી વિષયક કામગીરી માટે તાત્કાલિક ૫૦ વાહનો સંપાદિત કરવા જિલ્લા કલેક્ટરશ્રીએ આજે વાહન-વ્યવહાર નિયામકને સૂચનાઓ આપી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં વાહનોની જરૂરિયાત અંગે તંત્રને વારંવાર સૂચનાઓ આપવામાં આવી હતી. મળતી વિગતો પ્રમાણે આ વાહનો મતદાનના દિવસે જરૂરી હોવાનું જણાતાં તાત્કાલિક સંપાદિત કરવા માટેની સૂચના આપવામાં આવી છે.

દરમ્યાન જિલ્લામાં મતદાનના દિવસો નજીક આવતાં તંત્રએ વધુ ૫૦ માઈક્રો ઓબ્ઝર્વરને પણ ફરજ સોંપવાના હુકમો કરાયા છે. આ માઈક્રો ઓબ્ઝર્વરને તાલીમ પણ આપી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અગાઉ ૧૭૫ માઈક્રો ઓબ્ઝર્વરની નિમણુંક કરવામાં આવી હતી હવે વધુ ૫૦ની નિમણુંક કરાતાં જિલ્લામાં ૨૨૫ માઈક્રો ઓબ્ઝર્વર પંચના સામાન્ય નિરીક્ષકની સીધી દેખરેખ હેઠળ ફરજો બજાશે.

બીજી તરફ ચૂંટણી પંચે આજે નિરીક્ષકોની હાજરીમાં તંત્રએ કરેલી તૈયારીઓ અંગેની સમીક્ષા કરી હતી.

## કોંગ્રેસની 'ઘરનું ઘર' યોજનાથી ભાજપ ચિંતિત

અમદાવાદ, તા. ૧૪

કોંગ્રેસ પક્ષ દ્વારા મહિલાઓને ઘરનું ઘરની યોજના અન્વયે મળેલ વ્યાપક જનસમર્થનથી ફફડી ઉઠેલ ભારતીય જનતા પાર્ટીના શાસકો દ્વારા કોંગ્રેસ પક્ષની આ યોજના અંગે જુઠ્ઠાણા ફેલાવવા માટે ષડયંત્ર ઘડ્યું છે તેવી માહિતીની વિગતો આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત પ્રજા વિકાસ દર્શન-૨૦૧૨માં ગુજરાતની મહિલાઓને ઘરનું ઘર પોષાય તેવી કિંમતે એટલે કે જમીન મફત અને બાંધકામની વાજબી કિંમત સાથે ઉપલબ્ધ કરાવવાનો રક્ષાબંધનના દિવસે નિર્ધાર જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં સમગ્ર રાજ્યમાં ૮ મહાનગરપાલિકા અને ૧૫૯ નગરપાલિકામાંથી ૪૦ લાખથી

● અનુસંધાન પાન-૭ પર


**ધી ગાંધીનગર અર્બન કો.ઓપરેટીવ બેંક લિ.**

સેક્ટર-૨૧, ગાંધીનગર

**જાહેર વિનંતી**

આથી બેંકના તમામ માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સૂચના મુજબ તા. ૩૧/૧૨/૨૦૧૨ પછી CTS-2010 માપદંડ ન હોય તેવા ચેકો પરિચાલનમાં રહેશે નહિ. તા. ૧-૧-૨૦૧૩થી બેંકો દ્વારા CTS-2010 માપદંડવાળા જ ચેકો સ્વીકારવામાં આવશે. બેંક ઘણા સમયથી CTS-2010માપદંડવાળા ચેકો ઈસ્યુ કરે છે પરંતુ હેડ ઓફીસ તથા બ્રાન્ચના જે ગ્રાહકો પાસે આવા માપદંડવાળી ચેકબુક ન હોય તેઓએ જુની ચેકબુક પરત કરી CTS-2010 માપદંડવાળી ચેકબુક મેળવી લેવા જણાવવામાં આવે છે. જે ગ્રાહકોએ લોનના હપ્તા માટે CTS-2010 માપદંડ વગરના ચેકો આપેલ હોય તેમણે આ ચેકો પરત લઈ નવા ચેકો આપવા.

તા. ૧૫/૧૨/૨૦૧૨ મેનેજર

**ગાંધીનગર નાગરીક કો.ઓપરેટીવ બેન્ક લિ., ગાંધીનગર**

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ાા, સેક્ટર-૧૬, ગાંધીનગર

**બેન્કના બચત ખાતા, ચાલુ ખાતા તેમજ કેશ ક્રેડિટ ખાતેદારોની જાણ સારૂ**

ઉપરોક્ત બાબતે આ બેન્કના ચેકબુક વાપરતા તમામ ખાતેદારોને ખાસ જાણ કરવાની કે તા. ૧-૧-૨૦૧૩થી રીઝર્વ બેન્કના આદેશ અનુસાર રીઝર્વ બેન્કે નક્કી કરેલ CTR-2010 ડિઝાઈન મુજબની ચેકબુકનો જ ઉપયોગ કરવાનો હોવાથી જે ખાતેદારોની પાસે હાલ બેન્કમાંથી ઈસ્યુ કરવામાં આવેલ જુની ચેકબુક વણ વપરાયેલ પડી રહેલ હોય તેનો ઉપયોગ કરવો નહિ અથવા તો ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં બેન્કની જે તે શાખામાં તેનો ઉપયોગ પૂર્ણ થઈ જાય તે પ્રમાણે ઉપયોગ કરી લેવો અને જો તેમ ન થાય તો જૂની ચેકબુક પરત આપીને નવી ચેક બુક મેળવી લેવી.

ટૂંકમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ પછી કોઈપણ સંજોગોમાં જુની ચેકબુક પરત આપીને નવી ચેકબુક મેળવી લેવી તથા જુની ચેકબુકનો ઉપયોગ કરવો નહિ.

ઉપરોક્ત સુચના અત્યંત અગત્યની હોઈ તેનું પાલન ન થયેથી ઉપસ્થિત થનાર જવાબદારી જે તે ખાતેદારની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

તા. ૧૪-૧૨-૨૦૧૨ લિ.

ગાંધીનગર જનરલ મેનેજર

**પ્રધાનમંત્રીજી**

**આપ જ કહો, કોણ સાચું ?**

| | ભાજપ શાસિત ગુજરાત | કોંગ્રેસ શાસિત ભારત |
|---|---|---|
| કૃષિ વિકાસ દર | ૧૧.૬% | ૩.૩% |
| વીજળી ઉત્પાદન - વપરાશ | ૧૦૦% ([illegible] યુનિટ/વ્યક્તિ) | ૩૭% ([illegible] યુનિટ/વ્યક્તિ) |
| પાકા રસ્તા | ૯૫% | ૫૭% |
| મહિલા સાક્ષરતા | ૭૧% | ૬૫% |
| પાણી (નળ દ્વારા) | ૭૪% | ૪૩% |

**કેન્દ્ર સરકાર આપે શાબાશી અને એવોર્ડસ્**

**કોંગ્રેસ ચૂંટણીમાં આપે ગાળો !**

કોંગ્રેસની બે મોંઢાની વાતો સામે



**એકમત ગુજરાત**

બને ભાજપ સરકાર

www.ekmatgujarat.com

facebook.com/ekmatgujarat

**જાહેર આમંત્રણ**

સૌનો સાથ... સૌનો વિકાસ...




**મહારેલી**

આજની રેલીમાં તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના કલાકારો જોડાશે.

આજ રોજ તા. ૧૫-૧૨-૨૦૧૨, શનિવાર સવારે ૮-૩૦ કલાકે

પ્રસ્થાન: હરિમંદિર, અક્ષરધામ, સેક્ટર-૨૦, ગાંધીનગર

એકમત ગુજરાત — બને ભાજપ સરકાર

સમાપન: ગાયત્રી મંદિર સેક્ટર-૧, ગાંધીનગર


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com